CC/812/2010 ORDER

**Registration No:CC/812/2010**
**Registration Date: 06-08-2010**
**Filing No:CC/812/2010**
**Filing Date: 06-08-2010**
**Decided On : 08-10-2016**
**Duration : 6 Y 2 M 5 D**

**IN THE COURT OF PRINCIPAL CIVIL JUDGE & JMFC,**
**AT - PARDI**
**CRIMINAL CASE NO 812 OF 2010**

**Complainants :**

1. **GOVERMENT**
   **PARDI,PARDI**

**Vs.**

**Accused :**

1. **JITU SHIVAJI PATIL**
   **UDHANA KAILASHNAGAR PLOT NO.51 SURAT,SURAT**

Appearance:
LD. ADV. A.P.P. Ku. R.A.SONI, for the complainant.
LD. ADV. M.T.BHATT,, for accused.

---

**: : – આંક – ૧ તળે હુકમ : : –**

(૧) સદર કામે રેકર્ડ વંચાણે લીધુ. હાલના કેસમાં ચાર્જશીટ દાખલ થયા બાદ અત્રેની અદાલતે આરોપીને હાજર રાખવા વખતે વખત પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ છે. પરંતુ તે બજેલ નથી અને આરોપી મળી આવતા નથી તેવુ સ્પષ્ટ ફલીત થાય છે. અને તેમને હાજર કરવામાં રાખવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ રહેલ છે. એકમાત્ર તેના કારણે હાલના કેસની કાર્યવાહી લાંબા સમયથી આગળ ચાલી શકેલ નથી.

(૨) આમ, પુરતી તક આપવા છતા પોલીસ આરોપીને પ્રોસેસની બજવણી કરી તેને હાજર કરી શકેલ નથી. વધુમાં નજીકના ભવિષ્યમાં તે મળી આવે કે કેસની કામગીરી આગળ ચાલે તેવી પણ કોઈ શકયતાઓ જણાઈ આવતી નથી. વધુમાં હાલનો કેસ ત્રણ વર્ષ ઉપરથી પેન્ડીંગ છે અને વધુ સમય માટે આજ સ્થિતીમાં કેસને મૂકી રાખવાથી પણ ન્યાયનો હેતુ કોઈ પણ રીતે જળવાય તેમ નથી કે બર આવે તેમ નથી.

(૩) સબબ ઉપરોકત સંજોગો તથા ના. ગુજરાત વડી અદાલત ધ્વારા ગુજરાત રાજય વિ.ઈબ્રાહીમ લાઘા એ.આઈ.આર. ૧૯૭૧ ગુજરાત પેજ નં. ૧૪૮ તથા કોમન કોઝ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા પીટીશન નં.૧૧૨૮/૮૬ તથા રાજદેવ શર્મા વિ. સ્ટેટ ઓફ બિહાર ક્રિમીનલ અપીલ નં. ૧૦૪૫/૯૮ માં નામદાર સુપ્રીમ કોર્ટે આપેલ માર્ગદર્શિકા મુજબ અને આ કેસના સંજોગો ધ્યાને લેતા ન્યાયના વિશાળ હિતમાં આ કેસની કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૫૮ અંતર્ગન બંધ કરવાનુ સર્વા યોગ્ય અને ન્યાયોચિત જણાઈ આવે છે.

(૪) વધુમાં જુના કેસોમાં આરોપીને પોલીસ રજુ કરી શકતી ન હોય તેવા કેસોમાં પ્રોહીબીશનના ૫૦૦૦/– સુધીના જથ્થાવાળા કેસો પાછા ખેંચવાની સુચના ગૃહવિભાગના પરિપત્ર ક્રમાંક – ફપખ – ૩૨૭૯– ૪૯૨૯ – ભાગ– ૩–ન સચિવાલય ગાંધીનગર તા.૧ ૩/૦૭/૧૬ના પરિપત્રથી તા.૦૧/૦૧/૨૦૦૧ ન પરિપત્રમાં સુધારો કરી કરેલ છે.

ઉપરોકત સંજોગોમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

૧. ક્રિ.પ્રો.કોડની કલમ – ૨૫૮ અન્વયે આ કામના આરોપી સામે મુકેલ તહોમતની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા આરોપીને આ કામે બિનતહોમત મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ સબંધે અગાઉ કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે બિનશરતે કાયમ કરવામાં આવે છે. બિનકિંમતી મુદ્દામાલનો અપીલસમય વીત્યા બાદ નાશ કરવો. કિંમતી મુદ્દામાલ અંગે અલગથી ઈન્કવાયરી કરી હુકમ કરવો.

૩. આરોપીએ રોકડ જામીન જમા કરાવેલા હોય તો તે સરકાર હસ્તક જમા લેવાફ

સદરહુ હકુમ આજ રોજ તારીખ ૦૮ મી માહે ઓકટોબર સને – ૨૦૧૬ ના રોજ નેશનલ લોકઅદાલતમાં સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

Date : 08/10/2016
Palce: Pardi

**Mr Kirtisinh Pradhanji Thakor**
**code GJ01168**
**PRINCIPAL CIVIL JUDGE AND**
**JUDICIAL MAGISTRATE FIRST CLASS**
**PARDI.**